દારૂના અડ્ડા, જુગાર, વરલી મટકા જેવી અસામાજીક પ્રવૃત્તિઓ અંકુશમાં લેવા તથા પોલીસ ખાતાની જવાબદારી નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ વસફ-૩૧૨૦૧૪-૯૩૨૦-ડ
તા.૩૦-૦૭-૨૦૧૫

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) વિભાગના તા.૧૨-૦૯-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃ નશધ-૧૦૯૯-૭૫૩-ઇ.૧

<u>પરિપત્રઃ-</u>

રાજયમાં નશાબંધી નીતિનો અમલ હોવા છતાં અમદાવાદ શહેરમાં વિવિધ વિસ્તારોમાં દારૂ, જુગાર, વરલી મટકા જેવી પ્રવૃત્તિ પોલીસ અધિકારીની રહેમ નજર હેઠળ ચાલતી હોવા બાબતે વિગતવાર રજુઆત સરકારશ્રીને મળેલ છે. ઉપરોકત બાબતમાં સંબંધિતો પાસેથી વિગતવાર અહેવાલ મેળવવામાં આવતાં મહદ અંશે તમામ આક્ષેપો બાબતે આક્ષેપોને સમર્થન મળતું નથી તેવા અહેવાલ સરકારશ્રીમાં મોકલવામાં આવતા હોય છે. દારૂ, જુગાર, વરલી, મટકા વગેરે અસામાજીક પ્રવૃત્તિને કારણે રાજયના યુવાધન પર ઘણી ગંભીર અસર પડે છે તથા રાજયમાં વસવાટ કરતી બહેનોના ઘર બરબાદ થતા હોવાની બાબત સરકારશ્રીના ધ્યાન પર છે. આ બાબતને ઘણી ગંભીર ગણી આ બાબતમાં પરિણામલક્ષી પગલાં લઇ દારૂ-જુગાર વરલી-મટકાની બદી નાબૂદ કરી યુવાધનને રાજયના વિકાસમાં ફાળો આપે તે પ્રકારનું વાતાવરણ સર્જવા તથા રાજયની મહિલાઓ આબાદ/સલામત રહે અને પ્રજા તરફથી આ બાબતમાં મળતી ફરિયાદોને ગંભીરતાથી

લઇ તેનો હકારાત્મક દિશામાં ઉકેલ આવે તે જોવા સરકારશ્રી કટીબધ્ધ છે.

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ દ્વારા કરેલ અહેવાલ મુજબ અમદાવાદ શહેરમાં દેશી/વિદેશી દારૂની જે ચોરી છુપીથી પ્રવૃતિ ચાલતી હોય છે તેમાં દારૂનું ઉત્પાદન કેન્દ્ર અમદાવાદ શહેર નથી. દેશી દારૂ અમદાવાદ શહેરમાં ખાસ કરીને ગાંધીનગર, અમદાવાદ રૂરલ, ખેડા, મહેસાણા વગેરે જીલ્લામાંથી ચોરી છુપી રીતે આવતો હોય છે. તે જ પ્રમાણે વિદેશી દારૂ પણ પરપ્રાન્ત રાજયમાંથી એટલે કે રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, દમણ વગેરે રાજયમાંથી ચોરી છુપીથી આવતો હોય છે અને પરપ્રાન્ત રાજયનો વિદેશી દારૂ રાજયના ચાર થી પાંચ જીલ્લામાંથી પસાર થઇ અમદાવાદ શહેર સુધી પહોંચતો હોય છે. જેથી જે પરપ્રાન્ત રાજયમાંથી ગુજરાત રાજયમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવે છે તેવા નાકાઓ સીલ કરવામાં આવે તથા ઉપર જણાવેલ પડોશી જીલ્લાઓની પોલીસ દ્વારા દેશી દારૂના ઉત્પાદન કેન્દ્ર ભઠ્ઠાઓ બંધ કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ ઉપર અસરકારક રીતે અંકુશ લાવી શકાય તેમ છે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદે અમદાવાદ શહેરમાં દારૂની પ્રવૃત્તિ ઉપર અસરકારક અંકુશ માટે સૂચન કરેલ છે. આ બાબતમાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવા સર્વે સંબંધીતોને જણાવવામાં આવે છે:

(૧) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ દ્વારા નાકાઓ સીલ કરવાની અસરકારક કાર્યવાહી કરવાની રહે. આ બાબતમાં આ નાકાઓ સીલ કરવાની થતી કાર્યવાહી ઉપર વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાના અધિકારી એટલે કે, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ ઇન્સપેકટરના સીધા સુપરવિઝન હેઠળ સીલ કરવાના નાકાઓની કાર્યવાહી કરવાની રહે તથા આ અંગે યોગ્ય કાર્યવાહી ન થાય તો તેમની જવાબદારી નક્કી કરી શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહે.

(૨) અમદાવાદ શહેરના અન્ય વિસ્તારોમાં પણ દરેક પોલીસ સ્ટેશનની હદમાં દારૂના અડ્ડા ચાલતા હોય તો તે અંગેની જાણકારી તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટરને હોવી અત્યંત આવશ્યક છે તેથી દરેક

પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરને પણ તેમના વિસ્તારમાં દારૂના અડ્ડા તથા દારૂની હેરફેરની દરેક પ્રવૃત્તિ અંકુશમાં લેવા જણાવવામાં આવે છે. આ બાબતમાં આવી પ્રવૃત્તિ અંકુશમાં ન લાવી શકનાર પોલીસ ઇન્સપેક્ટર સામે જવાબદારી નક્કી કરી શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહે.

(૩) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદના સુચન મુજબ પડોશી જીલ્લાની પોલીસ દ્વારા દેશી દારૂના ઉત્પાદન કેન્દ્ર ભઠ્ઠી બંધ કરાવવાની રહે છે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદને પડોશી જીલ્લાઓમાં ચાલતી દેશી દારૂના ઉત્પાદનની ભઠ્ઠીઓ બાબત જાણકારી છે. તેથી આવી ભઠ્ઠીઓ તેમના જીલ્લામાં ચાલતી હોવાનું જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી તથા રેન્જના વડાને ખ્યાલ હશે જ. આ સંજોગોમાં પડોશી જીલ્લાના રેન્જ અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ અધિક્ષકશ્રીઓને આ બાબતે કડક હાથે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. તથા અમદાવાદ શહેરના પડોશી જીલ્લાઓમાં દારૂની ભઠ્ઠીઓ ચાલતી હોય તે બાબત તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટરને જાણ હોવી જ જોઇએ. તેથી સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી દારૂની ભઠ્ઠી પકડાય તો તે બાબતે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર/ પોલીસ સબ ઇન્સપેકટરની જવાબદારી નક્કી કરી તેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહે.

(૪) વધુમાં આ બાબતમાં રાજયના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર પોલીસ સબ ઇન્સપેકટરશ્રીઓએ જીલ્લા, તાલુકા, તથા ગ્રામ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિના મહિલા સભ્યોના સંકલનમાં કાર્યવાહી કરી સમાજમાંથી દારૂ, જુગાર, વરલી મટકાનું દૂષણ બંધ થાય તે માટે કાર્યવાહી કરવાની રહેશે. રાજય મહિલા સુરક્ષા સમિતિ તથા જિલ્લા/ તાલુકા/ ગ્રામ્ય સ્તરની મહિલા સુરક્ષા સમિતિના સભ્યો પોલીસ ખાતાના સંકલનમાં જરૂરી કાર્યવાહી કરે તે જોવાનું રહેશે.

(૫) સંદર્ભમાં ક્રમાંક ૧ પર દર્શાવેલ તા.૧૨-૦૯-૨૦૦૩ના ઠરાવની જોગવાઇઓનું પણ સંબંધીતોને પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

ઉપરોકત સૂચનાઓ અમદાવાદ શહેરમાં દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ ઉપર અસરકારક રીતે અંકુશ લાવી શકાય તે માટે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદના સૂચન અન્વયે ઉપરોકત સૂચના પ્રમાણે કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદને જણાવવામાં આવે છે. તે જ પ્રમાણે આ પરિપત્રની સૂચનાઓ મુજબ રાજયના તમામ વિસ્તારોમાં આવતા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર, પોલીસ સબ ઇન્સપેકટર તથા નાયબ પોલીસ અધિક્ષકની કામગીરીમાં ઉપર દર્શાવેલ પરિસ્થિતિ જણાય તો જવાબદારી નક્કી કરી તેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવા સર્વે પોલીસ કમિશ્નરશ્રી, સર્વે રેન્જ અધિકારીશ્રી તથા સર્વે પોલીસ અધિક્ષકશ્રીને સૂચનાઓનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ધીમંત પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ) ના અંગતસચિવ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલિસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ (વેસ્ટર્ન રેલ્વે વડોદરા સહિત)
- નિયામકશ્રી,નશાબંધી અને આબકારી, અમદાવાદ
- ઉપાધ્યક્ષશ્રી, રાજય મહિલા સુરક્ષા સમિતિ, ગાંધીનગર
- સીલેકટ ફાઇલ